**વિકલાંગ થી વિકલાંગ અને વિકલાંગથી સામાન્ય વ્યકિતઓને લગ્ન માટે આર્થિક સહાયની યોજના બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ– અપગ/૧૦૨૦૧૩/૮૦૩૯૬૦/ન.બા.૮/છ–૧**
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ– /૮/૨૦૧૫

~~26 OCT 2015~~
26 AUG 2015

**વંચાણે લીધા :–**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૭/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૨૩/૩/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ– અપગ/ વિકલાંગ લગ્ન સહાય/૧૪–૧૫/૧૭૩

**ઠરાવ :–**

આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ–(૧) સામેના તા.૩૧/૭/૨૦૧૪ના રોજ ઠરાવથી વિકલાંગથી વિકલાંગ અને વિકલાંગથી સામાન્ય વ્યકિત લગ્ન કરે તો દંપતિને રૂા.૨૦,૦૦૦/– ની આર્થિક સહાય આપવા અંગેની નવી બાબત સરકારશ્રી ધ્વારા મંજૂર કરવામાં આવેલ છે. આ ઠરાવના અમલમાં કેટલીક વ્યવહારૂ મુશ્કેલીઓનો અનુભવ થતાં, ઉપર ક્રમ–(૨) સામે વંચાણે લીધેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના તા.૨૩/૩/૨૦૧૫ના પત્રથી યોજનાના સરળ અમલીકરણ માટે આ યોજનાની જોગવાઈઓ અને સહાય આપવાના ધારા–ધોરણો નકકી કરવા બાબતની દરખાસ્ત રજુ કરેલ જે વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આ યોજનાના સરળ અમલીકરણ માટે આથી નીચે મુજબની જરૂરી શરતો અને જોગવાઈઓ ઠરાવવામાં આવે છેઃ–

**૧.** રાજયની વિકલાંગ બહેનોની પરિસ્થિતિ ધ્યાને લઈ તેઓ સમાજમાં સન્માનપૂર્વક જીવી શકે તે હેતુથી ૪૦ ટકા કે તેથી વધુ દરેક કેટેગરીની વિકલાંગતા ધરાવતી વિકલાંગથી વિકલાંગ અને વિકલાંગથી સામાન્ય વ્યકિતઓને લગ્ન માટે આર્થિક સહાયની યોજના તરીકે ઓળખવામાં આવશે.

**૨. આ યોજનાની પાત્રતાની મુખ્ય શરતો :–**

(૧) કન્યાની ઉમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.

(૨) ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગના ધરાવતા વિકલાંગોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૩) આ યોજનાનો લાભ ફકત એક જ વખત ( એક યુગલ દીઠ) મળવાપાત્ર રહેશે.

૩. **સહાયનું ધોરણ.**

(૧) આ યોજના હેઠળ લગ્ન સહાયની રકમ રૂા.૨૦,૦૦૦/– ( અંકે રૂપિયા વીસ હજાર પુરા) રહેશે.

(૨) સબંધિત જિલ્લામાં મળતી અરજીઓ પૈકી ગ્રાન્ટની મર્યાદામાં આવતી હોય તેટલી જ અરજીઓ મંજુર કરવાનું ધોરણ રાખવું.

(૩) ગરીબી રેખા નીચે જીવતા/નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અરજદારોને સહાય મંજુર કરવામાં અગ્રતા આપવાની રહેશે.

૪. **યોજનાનું અમલીકરણ.**

(૧) આ યોજનાનો અમલ સબંધકર્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ કરવાનો રહેશે. ઠરાવમાં નિયત કરાયેલ શરતો અને જોગવાઈઓ પ્રમાણે લાભાર્થી લાભ મેળવવાને પાત્ર છે કે કેમ? તેની પુરી ચકાસણી જે તે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ અરજીઓ મંજુર/ના મંજુર કરી ચુકવવાપાત્ર અરજદારોને સહાય ચુકવવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે અને તે હેઠળ દર વર્ષે આ હેતુસર કરવામાં આવતી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૫. **અરજી સાથે નીચે મુજબના આધાર/પુરાવાઓ સામેલ રાખવાના રહેશે.**

(૧) વિકલાંગ ઓળખકાર્ડ અથવા સીવીલ સર્જનશ્રીના વિકલાંગતાના દાખલાની પ્રમાણિત નકલ.

(૨) બંન્નેના શાળા છોડયાનાં પ્રમાણપત્ર (સ્કુલ લીવીગ સર્ટી.) ની પ્રમાણિત નકલ.

(૩) રેશનકાર્ડની પ્રમાણિત નકલ.

(૪) બંન્નેના સંયુકત ફોટા/લગ્ન કંકોત્રી.

(૫) લગ્ન રજીસ્ટ્રાર ઑફ મેરેજીસની ઓફીસમાં નોંધાયેલ નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

૬. **આવકનું ધોરણ :–**

આ યોજનાના અસરકારક અમલીકરણ માટે આવકની મર્યાદા ગ્રામ્ય કક્ષાએ રૂા.૪૭૦૦૦ અને શહેરી કક્ષાએ રૂા.૬૮૦૦૦ ની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૨/૫/૨૦૧૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**(એમ.એલ.ભગોરા)**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧ સચિવાલય,ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

૪૫૮

(૩) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોકનં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.

(૮) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ /ગાંધીનગર.

(૯) નાણા સલાહકાશ્રી, (સા.ન્યા),બ્લોકનં.૧૪, બીજો માળ, સચિવાલય,ગાંધીનગર.

(૧૦) સેકશન અધિકારીશ્રી, બજેટ–શાખા, છ શાખા,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ–શાખા,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગર. વિભાગની વેબ સાઈટમાં છ–૧, શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૨) સિલેકટ ફાઈલ,

RAJ4-24-26